# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૩૧ • સળંગ અંક : ૧૩૫ • તા.૦૯ જાન્યુઆરી થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન




# કેડીઓ નારીઓને આત્મનિર્ભય બનાવવા માટે સિલાઈ મશીનનું વિતરણ શરૂ


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પૈસા કરતાં પરિવારિક પ્રેમની તાકાત પ્રચંડ હોય છે

પૈસો માણસના સુખના સ્તરમાં વધુમાં વધુ એકથી બે ટકાનો ફેર લાવી શકે છે. પણ બાકી સુખનો વધુ આધાર માણસનું શારીરિક અને માનસિક સારો સ્વાસ્થ્ય અને તેના પરિવારિક સંબંધો અને તેની આસપાસના લોકો સાથેના તેના સંબંધો પર હોય છે.

સંશોધન કર્તાઓ એવું તારણ કાઢ્યું છે કે કોઈપણ દેશની સંસ્કૃતિનો એના લોકોના જીવન પર ખૂબ જ પ્રભાવ હોય છે. જે સમાજમાં ઉદારતાનો સ્તર ઊંચો છે અને એ લોકો વધુ સુખી હોય છે. માનવીના સુખ માટે પૈસો કે આર્થિક સલામતી ચોક્કસ જરૂરી છે એને અવગણી ન શકાય પણ માત્ર પૈસા હોય તો જ સુખી હોઈએ એવું જરૂરી નથી. રિસર્ચ કરનારાઓએ એવું પણ નોંધ્યું છે કે આજે દુનિયાના બધા જ દેશોમાં આવકનો સ્તર ઊંચો ગયો છે. પણ એની સાથે લોકોના સુખનો સ્તર વધ્યો નથી. તેમના સંશોધન દરમ્યાન એક મહત્વની વાત એ જોવા મળી કે માત્ર પૈસો જ સુખી કરી શકતો નથી. પણ પારિવારિક સ્વજનો, સ્નેહીઓ સાથેના સંબંધો જ મોટો ભાગ ભજવે છે. આના કારણેને લીધે સ્કેન્ડિનેવિયા દેશના લોકો દુનિયામાં સૌથી સુખી ગણાય છે. તેમના સુખનું એક કારણ તેમની એક બીજાની કાળજી કરવાની સંસ્કૃતિ અને સૌને સમાન ગણવાના સંસ્કાર છે.

ઘરની કોઈ વ્યક્તિ અચાનક વિદાય લે ત્યારે દુ:ખ થાય એ સહજ ભાવના છે પણ એમના શોકમાં સતત ગુમસુમ રહી અમૂલ્ય સમય વેડફી દેવું એ સાચું નથી. પણ જે વ્યક્તિની હયાતી નથી તેના સારા કાર્યો તેમની સારી વાતો, સારા વિચારો તેની સાથેના સાંનિધ્યની સોનેરી ક્ષણોની સ્મૃતિને સતત જતનપૂર્વક જાળવીએ, ઉજાગર કરીએ અને એ વ્યક્તિ સતત આપણી સાથે છે, આપણી વચ્ચે છે એનો અસ્તિત્વનો આમ સુક્ષ્મ રીતે સ્વીકાર કરીને જીવીએ તો એનાથી સતત પોઝિટિવ સ્પંદનો જાગે અને આપણો ઉત્સાહ બમણો કરે. જે વ્યક્તિની હાજરી અત્યારે આપણી વચ્ચે નથી. તેનો ઝિંદાદિલ મિજાજ અને નિજાનંદ ભરી યાદો સૌને વધુ ને વધુ પ્રેરિત કરવાની છે. આવું પારિવારિક ખુશખુશાલ બોન્ડિંગ પરિવારના નાના મોટા સૌની માટે એક અલગ સાતત્ય બની રહે છે. આવું નિર્વ્યાજ સ્નેહ સ્મૃતિ સૌની હામ અને પ્રેરણા આપી ઉત્સાહ વધારી શકે છે.

આજે ઘરના સભ્યો વ્યવસાયિક તાણ તંગદિલીમાં એક બીજાની હાજરીમાં પણ તણાવ ભર્યા રહેતા હોય છે. સોશ્યલ મિડિયામાં વ્યસ્તતાને કારણે એકમેકની હાજરી પણ નોંધી શકતા નથી કે પ્રેમાળ નજરથી નિરખી શકતા નથી. માત્ર લાચારીને કારણે સાથે રહેવા મજબૂર હોય છે. એવા સંજોગોમાં સુખી માહોલ કેવી રીતે સર્જાઈ શકે? એક તાંતણે બંધાયેલો પરિવાર મુસીબતની કે દુ:ખની પળોમાં એકઝુટ રહી શકે છે. માટે જ ભૌતિકપરિબળ કરતાં પારિવારિક પ્રેમ અને પ્રાથમિક સામાજિક સંબંધો પ્રચંડ તાકાત આપી શકે છે.

– જય જ્ઞાતિમૈયા

# સુખ અને દુ:ખની પરિસ્થિતિ

વ્યક્તિ જ્યારે બીજાનું બુરૂં કરે ત્યારે પોતાનું બુરૂં થઈ જતું હોય છે. તેનો ખ્યાલ તેને રહેતો નથી. મનમાં ઘર કરી બેઠેલો લોભ અને બીજો ક્રોધને લીધે તે પોતાનું હિત જોઈ શકતો નથી. જે બીજાને દુ:ખી કરવા ઈચ્છે છે તે પોતાને દુ:ખ ભોગવું પડે છે. આ અસ્તિત્વનો નિયમ છે કે જે વસ્તુ આપણે સામેની તરફ ફેંકીએ છીએ તે બમણા વેગથી આપણી તરફ પાછી આવે છે. જેવું કરીએ તેવું ભોગવવું પડે છે એ નીતિ શાસ્ત્રનો સનાતન સત્ય છે. કોઈને દુ:ખી કરીને માણસ સુખી બની શકે નહી. કાવાદાવા, ઈર્ષા, છળકપટ,અદેખાઈ, લોભને પ્રતિશોધ લેવાના સતત વિચાર માણસને જપતા દેતા નથી.

દરેક ઉપર ચડી ગડી ગયેલો માણસ નીચેનાં માણસને હરીફ ગણે છે. તે ઉપર આવી પોતાની બરોબરી ન કરે એની ફિરાકમાં રહે છે. દરેકને પોતાનું જોવું છે, પોતે સુખી રહે, પોતાને સુખ મળે એના પ્રયત્નોમાં સતત રહે છે. બીજાને ઊથલાવી મીટાવીને જો સુખ મળતું હોય તો એ માટે તે તૈયાર હોય છે. અતિ સુખ પામવાના લોભમાં માણસ માણસાઈ છોડી દે છે. લોભને થોભ નથી. કોઈપણ માણસ દુ:ખી છે તો તે પોતાને કારણે છે. એ માનવા તે તૈયાર નથી. તેની મનોગ્રંથિમાં બીજાને કારણે પોતે દુ:ખી છે એવું માને છે. આ કસ્તુરી મૃગ જેવી વાત છે. કસ્તુરી તેની ડુંટીમાં હોવા છતાં અહીં તહીં ફાંફાં મારી વ્યથ સમય શક્તિને જીવન ગુમાવે છે.

જીવનમાં એકલું સુખ શક્ય નથી અને સતત સુખ હોય તો તેની મજા પણ નથી. એકધારો સારો સમય કંઈ શીખવા નથી દેતું. સુખ દુ:ખની ઝાંય જો જીવનમાં આવતી રહે તો દરેક અનુભવ સમજણ અને સભાનતા આવે જિંદગીમાં સપ્રમાણ મળે એનો આનંદ અનોખો હોય છે. સુખ જલ્દી સમાપ્ત થઈ જાય છે. અને દુ:ખ અતિ ઘણું લાંબુ ચાલે છે. એવું લાગે છે પણ આ મનોસ્થિતિ છે. કારણકે સુખ આવ્યા પછી આજુબાજુમાં આપણી નજર જતી નથી કે કોઈ આપણે દેખાતું નથી જ્યારે દુ:ખમાં આપણી નજર આસપાસ ફરતી હોય છે, અન્ય શું કરે છે, કેવી રીતે રહે છે, જીવે છે એની પ્રત્યે રહેતી હોય છે. આમ સુખ પોતાને જોવામાં મશગુલ રહેવું દુ:ખમાં અન્યને જોવાને લીધે મનની પીડા મન વેદના વધતી રહે છે. માટે સુખ પરિસ્થિતિ હોય કે દુ:ખની અવસ્થા સમભાવ, સંતોષ અને સમતોલ ભાવ રાખીને જીવીએ તો આનંદ અનુભવી શકાય એ સમજણ આવી જાય તો ઘણું.

## સેક્રેટરીના બે બોલ.. ✍



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સ્વરોજ સમિતિ દ્વારા ઐતિહાસીક આગેકૂચ

## કેડીઓ નારીઓને આત્મનિર્ભય બનાવવા માટે કેડીઓ સ્વરોજ દ્વારા સિલાઈ મશીનનું વિતરણ





આત્મનિર્ભર કેડીઓ નારી પ્રોજેક્ટ અંતર્ગત સિવણ મશીનનું વિતરણ કરાયું, સમસ્ત મહાજનની નેશનલ લેડિઝ વિંગ દ્વારા દેશભરમાં ૧૫ જેટલા સિવણ મશીનોનું વિતરણ જ્ઞાતિ બહેનોને કરાયું. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ કેડીઓ જ્ઞાતિની મહિલા બહેનોને આત્મનિર્ભર બનાવવાનું છે. આ તો હજી પ્રારંભ છે આમાં વિવિધ પ્રોજેક્ટ ચલાવી નારી શક્તિનું ઉત્થાન કરવાનો સતત પ્રયાસ થશે. કોવિડ મહામારી કાળમાં માસ્ક નિર્માણ દ્વારા બહેનો સ્વાવલંબી થઈ હતી અને રોજગારી અર્જિત કરી હતી. આ પ્રોજેક્ટ દરમ્યાન અમુક બહેનો સિલાઈ મશીન ન હોવાને કારણે માસ્ક ન બનાવી શકતા આ મિશનમાં જોડાઈ ન શકી હતી. તેની જ્યારે સમિતિને ખબર પડી ત્યારે તે બહેનોને સિલાઈ મશીન આપવાનું સમિતિએ નક્કી કર્યું અને જે પણ જ્ઞાતિની બહેનોને સિલાઈ મશીન જોઈતું હોય તેઓ સમિતિનો સંપર્ક સાધે એવી અપીલ કરતા જ ૧૫ જેટલી અપીલો આવી હતી જે સર્વને માન્ય કરી ૩ મહિનામાં જ ૧૫ મશીનોનું વિતરણ કરાયું હતું.

આ પ્રોજેક્ટને આગળ વધારવા માટે હજીપણ કોઈ જરૂરતમંદ મહિલાને મશીનની જરૂરત હોય તો સમિતિના સભ્ય મીનાબેન ભરતભાઈ ખોના(વાશી)નો સંપર્ક સાધી શકે છે.

KDO Swaroj
The taste of tradition

# ઈન્ડિયા ગેટ દિલ્હીથી ગેટ વે ઓફ ઈન્ડિયાની સાહસિક સાઈકલ સફર કરનાર જ્ઞાતિના બે વીરલાઓ

તાજેતરમાં તા.૧૯ ડિસેમ્બર થી તા. ૨૪ ડિસેમ્બર સુધીની દિલ્હીથી મુંબઈ સુધીની લગભગ ૧૪૬૦ કિ.મી.ની સફર દેશભરમાંથી ૪૩ યુવાનો પૂરી કરી જેમાં ૩ યુવાનો મુલુંડના હતા. આ ગ્રુપમાં બે સાહસિક યુવાનો કેડીઓ જ્ઞાતિના હતા. (૧) યશ રમેશ છેડા, સુથરી-મુલુંડ (૨) મેહુલ સૂર્યકાન્ત લોડાયા, રવા-મુલુંડ. આ G2G (Gate of India Delhi to Gate way of India-Mumbai) સફર વિષે અથ થી ઈતિ માહિતી મેળવવા જ્ઞાતિમૈયાના મનિષા લાલકા અને વર્ષા લોડાયા એ આ બન્ને યુવાનોની મુલાકાત લીધી. જાણો એ મુલાકાતની માહિતીથી.

**પ્રશ્ન :** સૌ પ્રથમ તો આટલી કડકડતી ઠંડીમાં આ સાહસ સિધ્ધિ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે આપ બન્નેને અભિનંદન.

**ઉત્તર :** આપનો આભાર, ધન્યવાદ.

**પ્રશ્ન :** સૌ પ્રથમ તો જાણવા ઈચ્છી એ છીએ કે સાયકલિંગનો શોખ ક્યારથી લાગ્યો અને કંઈ રીતે સાહસ તરફ દોરી ગયો.

**ઉત્તર :** સર્વોદય મંડળ મુલુંડએ સ્પોર્ટસ ઈવેન્ટ રમતોત્સવ જાન્યુઆરી ૨૦૧૮માં રાખેલ. ૭ કિ.મી.ની સાઈકલિંગ રેસમાં ભાગ લીધો હતો જેના પરથી અંદાજ આવી ગયો કે હવે આ શોખમાં આગળ વધવાનો સ્કોપ છે ખરો. ત્યારબાદ એપ્રિલ માસમાં મુલુંડ રાઈડર ગ્રુપ જોઈન કર્યું. આની દ્વારા હજી સુધી ૩૦ કિ.મી.થી વધુ નાના મોટા રાઈડ કરીએ.

તે પછીથી અત્યાર સુધી સાઈકલિંગ ટ્રીપો કરી જેમાં

૧) ૨૦૦ કિ.મી. મુલુંડ-ચારોટી-મુલુંડ

૨) ૩૦૦ કિ.મી. નવે.૨૦૧૯માં મુલુંડ-નાસિક-મુલુંડ

૩) ૨૬૫ કિ.મી. ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ના સુરત અમદાવાદ સુરત

૪) ૪૦૦ કિ.મી. ફેબ્રુઆરી ૨૦૧૯ મુંબઈ ચીખલી મુંબઈ

**પ્રશ્ન :** હવે આવીએ G2Gની મહા સાઈકલિંગ સફર ઉપર. આ સાહસમાં જોડાવવાનું કઈ રીતે મન થયું?

**ઉત્તર :** આમ તો કોરોના કાળ દરમ્યાન એપ્રિલથી ઓગસ્ટ માસમાં બિલકુલ સાયકલ રાઈડિંગ ન કરી હતી પણ ઓગસ્ટથી ડિસેમ્બર ૨૦૨૦ સુધીના ૪ થી પાંચ મહિનામાં કુલ્લ ૨૩૦૦ કિ.મી. સાઈકલ રાઈડિંગ કર્યું.



મેહુલ સૂર્યકાન્ત લોડાયા



યશ રમેશ છેડા

જી ટુ જીની મહાસાયક્લિંગ સફર શરૂ કરવાનો વિચાર થાણાના epic Rider ને આવ્યો. તેમણે ઓફર કરી કે તમે તો સક્ષમ છો એક્સ્પર્ટ સાઈકલિંગ રાઈડર છો તો તમે આ પૂર્ણ પણે કરી શકશો. આ માટે મનોમન તૈયાર થયા. રોજે રોજની પ્રેક્ટિસ કરી અમારી જાતને તૈયાર કર્યા. આ માટે પરિવારનો સાથ ખૂબ જરૂરી રહે જે અને મળ્યો. આમ મહેનતપૂર્વક પ્રક્ટિસનું સાતત્ય જાળવી તૈયાર થઈ ગયા.

વહેલી સવારે કાળા ડિંબાગ અંધકારમાં દિલ્હીની ૩ ડિગ્રી ઠંડીમાં સવારે ૫.૪૫ કલાકે સૌ સાઈકલિસ્ટ હિંમતભેર સફરનો શુભારંભ કર્યો.

# ઈન્ડિયા ગેટ દિલ્હીથી ગેટ વે ઓફ ઈન્ડિયાની સાહસિક સાઈકલ સફર કરનાર જ્ઞાતિના બે વીરલાઓ

**પ્રશ્ન :** આ સફર કેટલા દિવસની રહી અને દરરોજ ક્યા ક્યા તબક્કામાં પૂરી થતી ગઈ?

**ઉત્તર :** પ્રથમ દિવસ ઈંડિયા ગેટ દિલ્હીથી જયપુર ૨૮૦ કિ.મી. આ દિવસે ૩ ડિગ્રી ઠંડક હતી. બીજો દિવસ જયપુરથી ભીલવાડા ૨૪૦ કિ.મી., ત્રીજો દિવસ ભીલવાડાથી રતનપૂર ૨૮૦ કિ.મી., ચોથો દિવસ રતનપુરથી વડોદરા ૨૪૦ કિ.મી., પાંચમો દિવસ વડોદરાથી વાપી ૨૪૦ કિ.મી. અને છઠ્ઠો દિવસ વાપીથી મુંબઈ ૧૮૫ કિ.મી.

**પ્રશ્ન :** પુષ્કળ ઠંડી હતી એ વાતાવરણમાં તમે કંઈ રીતે સાઈકલ રાઈડ કરી શક્યા?

**ઉત્તર :** સમગ્ર સફર ૩ ડિગ્રીથી ૬ ડિગ્રી ઠંડક વચ્ચે થઈ હતી. ફક્ત વાપીથી મુંબઈ વચ્ચે છેલ્લા દિવસની સફર ઓછી ઠંડીમાં થઈ. અમે સૌ પોતાના શરીરને ત્રણ વસ્ત્રથી કવર કરીને રાખતા હતા. દરરોજ સવારના ૬.૩૦ વાગે નીકલી સાંજના સાત વાગ્યાની આસપાસ કે અડધી રાત સુધી મુકામે પહોંચી જતા.

**પ્રશ્ન :** આ માટે તમને કોઈ ફિક્સ ડાયટ પ્લાન કરવું પડ્યું હતું?

**ઉત્તર :** ના એવું નોંતું પણ અમે સૌ બપોરનું લંચ બહુ હેવી ન લેતા હતા જેથી જમ્યા પછી રાઈડ કરવું તકલીફ ભર્યું થાય. અમારા લક્ષ્યને પહોંચી વળવા ઓછો બ્રેક કરી સમય વ્યર્થ કર્યા વગર લગભગ ૩૦ કિ.મી. પ્રતિ કલાકની સ્પીડથી અમે સફર કરતાં હતા.



મેહુલ સૂર્યકાન્ત લોડાયા



યશ રમેશ છેડા

**પ્રશ્ન :** આટલી મોટી સફરમાં તમે તમારા વાહન એટલે કે સાઈકલની સજ્જતા બદલ કેવી કેટલી તૈયારી કરી રાખી હતી?

**ઉત્તર :** હા એ માટે અમને બહુ બધો સામાન સાથે રાખવો પડતો હતો. પંક્ચર થાય કે ચેઈન બદલવી પડે કે અન્ય કંઈ તકલીફ થાય. બધુ અમને પોતાની જાતે કરવું પડતું હતું. સમય બચાવવા રેસ્ટ ટાઈમમાં સાઈકલનું ચેકઅપ કરી લઈ નાની મોટા પ્રોબ્લમ તે વખતે દૂર કરી દેતા હતા.

**પ્રશ્ન :** આ સફર માટે પરિવારનો સાથ સહકાર કે પ્રતિભાવ કેવો મળ્યો?

**ઉત્તર :** સાચું કહી એ તો પરિવારના સાથ વગર આ શક્ય ન બની શકે. તેમના આશીર્વાદ અને માર્ગદર્શન સલાહ સૂચન તેમજ દોરવણી અને તેઓના Good Wishes જ અમને આ સાહસિક સફરમાં ઉર્ત્તીણ કર્યા એમ કહીએ તો ચાલે.

**પ્રશ્ન :** આજના યુવાનોને શું સંદેશો આપશો?

**ઉત્તર :** લક્ષ ઉપર ધ્યાન આપો તો કોઈ સમસ્યા મોટી નથી રહેતી. એકચિત રાખી આગળ વધો તો બધુ આપોઆપ પાર પડે છે.

**પ્રશ્ન :** યશભાઈ અને મેહુલભાઈ તમારી સફરની વાતો અને સાહસ સાધનાની વાત જાણી ઘણો આનંદ થયો. આપ બંન્નેની ભવિષ્યની કારકિર્દી માટે સમસ્ત જ્ઞાતિ તરફથી શુભેચ્છા. કાયમ આગળ વધતા રહો.

**ઉત્તર :** આપનો અને સૌ નો શુભેચ્છા-સદ્‌કામના બદલ આભાર.

### ઉત્તરાખંડના વિકાસ માટે અનેક મહત્વાકાંક્ષી યોજનાઓ સાકાર કરવાનું લક્ષ્ય

# હેમંત એમ.શાહની ઉત્તરાખંડના આર.એલ. ફાઉન્ડેશનના ઈન્ટરનેશનલ ટ્રેડ સલાહકાર તરીકે નિયુક્તિ



**હેમંત એમ.શાહ (લોડાયા)**

ગામ વરાડીયા, કચ્છના ગૌરવ સમાન હાલ કેનેડાના મશહૂર ઉદ્યોગપતિ તરીકે માનભર્યું સ્થાન ધરાવતા ઇન્ડો-કેનેડીયન બિઝનેસમેન હેમંત એમ. શાહની ઉત્તરાખંડના આર.એલ. ફાઉન્ડેશનના ઇન્ટરનેશનલ ટ્રેડ એડવાઈઝર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.હેમંત શાહએ તાજેતરમાં જ પદભાર સંભાળી લીધો છે અને ટૂંક સમયમાં જ ભારત આવી આર.એલ. ફાઉન્ડેશનના વિઝનને આગળ વધારવા કાર્યરત થઇ જશે.

આર.એલ. ફાઉન્ડેશનનો પદભાર સંભાળ્યા બાદ કેનેડાના વિનીપેગથી એક વિડીયો દ્વારા આ પદ પર પોતાની નિયુક્તિ કરવા બદલ ઉત્તરાખંડના લોકો તેમ જ હરિદ્વાર સ્થિત આર.એલ. ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રેષ્ઠ હોસ્પિટલના સીઈઓ અને ચેરમેન પંકજ સીન્દાલીયાનો આભારમાનતાં તેમણે કહ્યું હતું કે,મને એ વાતનો અત્યંત આનંદ છે કે હું ઉત્તરાખંડના રહેવાસીઓ માટે તેમ જ આર.એલ. ફાઉન્ડેશન માટે કંઇક કરી શકીશ. કેનેડાના વિનીપેગમાં રહીને ઇન્ટરનેશનલ વ્યાપારમાં મારા ૪૫ વર્ષના કાર્યકાળમાં મેં ૩૯ દેશોની સાથે વ્યાપાર કર્યો છે તેના અનુભવનો લાભ હું ઉત્તરાખંડ અને આર.એલ.ફાઉન્ડેશનને આપી શકીશ એ વાતની ખુશી છે. દેવો અને સંતોની ભૂમિ ઉત્તરાખંડ અને હરિદ્વાર માટે હું કંઇક કરી શકીશ તેને હું મારું સૌભાગ્ય સમજું છું. ગંગામાંના આશિર્વાદથી ફાઉન્ડેશન પ્રગતિ કરશે એવો મને વિશ્વાસ છે.

હેમંતભાઈએ તેમણે અમલમાં મુકવા ધારેલી યોજનાઓ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આર.એલ. ફાઉન્ડેશન અંતર્ગત હાલમાં બની રહેલી ટોપ ક્લાસ હોસ્પિટલ અને ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર ઊભા કરશું જ પરંતુ એ ઉપરાંત જે બાબતનો મને છેલ્લા ૧૦-૧૫ વર્ષનો અનુભવ છે એવી એવિએશન એકેડેમી શરૂ કરવા પ્રયત્નો કરીશ જેમાં ઉત્તરાખંડ જ નહીં, પરંતુ તેની આજુબાજુના રાજ્યોની યુવાપેઢી એવિએશનના વિવિધ ક્ષેત્રો જેવા કે એરલાઈન કેબિન ક્રુ જેને આપણે એર હોસ્ટેસ બનવા માટેની તાલીમ, ગ્રાઉન્ડ સર્વિસ સપોર્ટ, કસ્ટમર સર્વિસ એજન્ટ અંગેની તાલીમ આપીશું અને ત્યાર પછી કમર્શિયલ પાયલટ ટ્રેનિંગ આપવા વિષે પણ વિચાર કરીશું. અમારા આ લક્ષ્યો પાર પાડવા માટે હું ઉત્તરાખંડની સરકાર અને લોકો પાસેથી સહકારની આશા રાખી રહ્યો છું જેથી અમે ઉત્તરાખંડ રાજ્યને વૈશ્વિક નકશા પર સ્થાન અપાવી શકીએ.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી કે.ડી.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમના પ્રમુખપદે શ્રી મનિષભાઈ ભવાનજી લોડાયાની વરણી

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમના માજી પ્રમુખશ્રી તીલકચંદભાઈ નરશી દંડના દેહાંત બાદ મહારાષ્ટ્ર એકમની ખાલી પડેલી પ્રમુખપદની સીટ ઉપર ચાલીસગામના લોકલાડીલા જ્ઞાતિજન શ્રી મનિષભાઈ ભવાનજીભાઈ લોડાયાની વરણી સર્વસંમતિથી કરાઈ હતી. તેમને છત્રપતિ નરશી દંડ દ્વારા પુષ્પગુચ્છ આપી આવનારા વર્ષોમાં સારા કામ કરો એવી શુભેચ્છા આપી હતી. મનિષભાઈ છેલ્લા ઘણા વર્ષોથી મહારાષ્ટ્ર એકમમાં એક્ટીવ કાર્યકરની ભૂમિકા ભજવી રહ્યા હતા.

નવનિર્વાચિત પ્રમુખશ્રીને હાર્દિક અભિનંદન સાથે અઢળક શુભેચ્છા.



# બદલાપુર સંઘમાં ધ્યાનયોગી ગુરૂદેવશ્રીની પધરામણી થઈ





તા.૧૧ જાન્યુઆરી સોમવાર રોજે ધ્યાનયોગી પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા પ્રવચનકાર પ.પૂ.મુનિ શ્રીગુણવલ્લભસાગરજી મ.સા.ને બદલાપુરમાં પ્રવેશ સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉમળકા હરખભેરથી થયો.

# શ્રી ગૌતમ ગુણ વિહાર તીર્થ પાલીમાં છઠ્ઠી વાર્ષિક ધ્વજારોહણ અને સતર ભેદી પૂજા અભિષેકનું આયોજન

શ્રી ગૌતમ ગુણ વિહાર તીર્થ પાલી મધ્યે ગુરૂવાર તા.૨૫ તથા ૨૬ ફેબ્રુઆરી શુક્રવારના દ્વિદિવસીય છઠો વાર્ષિક ધ્વજારોહણ મહોત્સવનું આયોજન પુણ્યપ્રભાવી ગુરૂગુણ કૃપાપાત્ર કચ્છ કોહિનુર મારવાડ રત્ન પ.પૂ.ગુરૂદેવ કમલપ્રભસાગરજી મ.સા. આદિઠાણાની ઉજ્જવલ ઉપસ્થિતિ નિશ્રામાં કરાયું છે.

તા. ૨૫ ફેબ્રુઆરી ગુરૂવાર રોજે છઠ્ઠી વાર્ષિક ધ્વજા અને સતરભેદી પૂજા તથા તા. ૨૬ ફેબ્રુઆરી શુક્રવાર અઢાર અભિષેકની ધર્મ આરાધનાઓ થશે ધ્વજાના સર્વે પુણ્યવંતા દાતા પરિવારે, સકલસંઘ અને સર્વ ગુરૂભક્તો સપરિવાર પધારવાનું આમંત્રણ શ્રી ગૌતમગુણ વિહારતીર્થપાલી ટ્રસ્ટ મંડળ દ્વારા અપાયું છે.

# હિરાચંદ વિક્રમશીને કલા સર્જન પુરસ્કાર એનાયત કરાશે








નાગપુરના ડૉ. ગિરીશ ગાંધી ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૧૯થી વિવિધ ક્ષેત્રના મહિલા પ્રતિભા, કલા સર્જન પ્રતિભા તેમજ સમાજસેવકોને અપાય છે. વર્ષ ૨૦૨૧નો પુરસ્કાર વિતરણનો સમારોહ તા.૨૫ જાન્યુઆરી સોમવાર રોજ સાંજે ૫ કલાકે ડૉ. ગિરીશ ગાંધી ઓપન મંચ, બજાજ નગર, નાગપુરમાં યોજાવાનો છે.

જેમાં ધીરોહત્ત મહિલા પુરસ્કાર સામાજિક કાર્યકર્તા રજની દીદી રાઠી તથા કલા સર્જન પુરસ્કાર સુપ્રસિધ્ધ શિલ્પકાર હિરાચંદ વિક્રમશી (ગામ - વરાડીયા)ને મળશે.

હિરાચંદભાઈ વિક્રમશી આપણી જ્ઞાતિના એકમાત્ર શિલ્પકાર છે તેમણે ખામગામથી પોતાની કારકિર્દી શરૂ કરી નાગપુર ખાતે સ્થાયી થયા છે તેમણે તેમની આ કલામાં તેમના કુટુંબીજનોને પણ સામેલ કર્યા છે તેમની સાથે તેમનો પુત્ર પણ આ કલા કારીગીરીમાં જોડાયેલો છે. તેઓની આ કલા દેશ વિદેશમાં પણ વખણાય છે.

આ સન્માન મેળવવા બદલ જ્ઞાતિના પ્રતિભાશાળી શિલ્પકાર હિરાચંદભાઈ વિક્રમશીને લાખ લાખ અભિનંદન.





# અચલગચ્છનાયક પ.પૂ.કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની ઐરોલીવાડીમાં પધરામણી





તા.૧૫ જાન્યુઆરીથી તા.૩૧ જાન્યુઆરી સુધી જ્ઞાનસત્ર શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ દ્વારા કસ્તુરી પદ્મ બેન્કવેટ ઐરોલીમાં આરંભ થયો છે.

આ જ્ઞાન સત્રની પાવન નિશ્રા માટે અચલગચ્છનાયક પ.પૂ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. તથા સર્વ સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન પધરામણી તા.૧૫ જાન્યુઆરી સવારે ૭.૧૫ કલાકે થઈ. આ પ્રસંગે ભવ્ય સામૈયું કરી હરખ વ્યક્ત કરાયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અને ગુરૂભક્તોમાં ઉમંગની હેલી ઉમટી હતી.

જ્ઞાન સત્રના લાભાર્થી પરિવારો ગામ રાપર ગઢવારીના માતુશ્રી તારાબેન માણેકજી મોતા હસ્તે અ.સૌ.નિશાબેન હિતેષ મોતા, માતુશ્રી જયાબેન પદમશી મૈશેરી હસ્તે અ.સૌ. ભારતીબેન પારસ મૈશેરી, માતુશ્રી વેલબાઈ લઘુભાઈ લોડાયા હસ્તે અ.સૌ.ધનલક્ષ્મીબેન પુનશી લોડાયા તથા માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા.



# ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ને ઐરોલી પદમવાડીમાં પધરામણી કરવાનું આમંત્રણ અપાયું

તા.૧૦ જાન્યુઆરી રવિવારના દિને શ્રી અંબરનાથ સંઘમાં બિરાજમાન ગુરૂગુણ નંદન પ.પૂ. ગુરૂદેવની ઉદયરત્નસાગરજી મ.સા. આદિઠાણાને તા.૧૫ જાન્યુઆરીથી તા.૩૧ જાન્યુઆરી સુધી ઐરોલી નવી મુંબઈની કસ્તુરી પદમવાડીમાં પધરામણી કરવાની હૃદયપૂર્વક વિનંતી કરવા શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તરફથી અનંતનાથ ટ્રસ્ટના પદાધિકારી ગણ પધાર્યા હતા અને પૂજ્યશ્રીના દર્શન વંદન કરી નિમંત્રણ વિનંતી કરી હતી.



# અંબરનાથ સંઘમાં પોષ દશમી પંચાન્હિકા મહોત્સવ નિમિત્તે શ્રી સીમંધર સ્વામી મહાપૂજા સંપન્ન થઈ

ધ્યાનયોગી ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. અને યુવામુનિ પ્રવચનકાર પ.પૂ.મુનિગુણવલ્લભ સાગરજી મ.સા. પાવન ભર્યા સાંનિધ્યમાં અંબરનાથ અચલગચ્છ જૈન સંઘમાં ૫૧-૫૧ અઠમતપના તપસ્વીઓની અનુમોદના તા. ૧૭ જાન્યુ. રવિવાર સવારે ૯ થી ૧૨ના કરાઈ.

ઉત્તમ દ્રવ્ય અને સુંદર સામગ્રીઓ સાથે વર્તમાન કાળના જીવંત તીર્થંકર શ્રી સીમંધર સ્વામી મહાપૂજાની ધર્મ આરાધનાઓ અદ્‌ભૂત સંગીત કાર્યક્રમ સાથે કરાઈ. પૂજાવસ્ત્રમાં ઉપસ્થિત સૌ ભાવિક ભક્તગણને પૂજનમાં બેસવાનો મહામનૂલ્યવાન લાભ મળ્યો હતો. બપોર સમયે રાજસ્થાની સંઘમાં શ્રી નવગ્રહશાંતિ મહાઅનુષ્ઠાન ભક્તિભાવપૂર્વક થઈ સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓની આનંદ ભરી ઉપસ્થિતથી માહોલ ઉત્સાહપૂર્ણ થયો હતો.

# ડાઘા પરિવારની કુળદેવી મોમાઈ માતાજીની સળંગ ૨૯મી પહેડીનું આયોજન

ડાઘા પરિવારની કુળદેવી શ્રી મોમાઈ માતાજીની સળંગ ૨૯મી પહેડી કરવાનો લાભ લહેરચંદ રતનશી ડાઘા પરિવાર ભાંડુપને મળ્યો છે. આ આયોજન તા.૭ ફેબ્રુઆરી રવિવાર પોષવદ ૧૧ના દિવસે સવારે ૮.૩૦ કલાકે ભાગરીથી બેન્કવેટ ગોપુરમ હૉલ, પુરૂષોતમ ખેરાજ એસ્ટેટ, ડૉ.રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાનસરિતા સ્કૂલ પાસે, મુલુંડ(વેસ્ટ)માં રાખેલ છે. શુભ પ્રસંગોમાં સ્થાપના જુહાર સવારના ૮.૩૦ કલાકે, ભક્તિ ભાવના ૯.૨૦ કલાકે નૈવેદ્ય આરતી સવારનાં ૧૧.૪૫ કલાકે, પહેડી પ્રસાદ બપોરનાં ૧૨.૧૫ થી ૧.૩૦ કલાક સુધી. આ આયોજનમાં સહભાહી થવા તથા દર્શન અને પહેડી પ્રસાદનો ધન્ય લાભ લેવાનું આમંત્રણ અ.સૌ. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરિવાર દ્વારા અપાયું છે. વેલેટ પાર્કિંગની વ્યવસ્થા રાખેલ છે.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અચલગચ્છનાયક આદિઠાણાની અગાસન જૈન સંઘમાં પધાર્યા





અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા તા.૧૩ જાન્યુઆરી ૨૦૨૧ બુધવાર રોજે અગાસન જૈન સંઘમાં પધાર્યા હતા. તે અવસરે સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ હર્ષ ઉલ્લહાસ અને ઉમંગ લાગણીઓથી ભાવપૂર્વક પૂજ્યશ્રીઓને આવકાર્યા હતા.



આ સામૈયામાં ૩૦૦થી વધુ શ્રાવક શ્રાવિકાઓ જોડાયા હતા સર્વપ્રથમ પારંપારિક રીતે બહેનોએ બેડા સ્વાગત કર્યું હતું ત્યારબાદ ગહુલી કાઢી અને મહારાજ સાહેબનો પોખ્યા હતા. ઉપાશ્રયમાં પ્રવેશ થતાની સાથે જ આ.ભ.શ્રી કલાપ્રભસાગરજીએ સર્વ સકળ સંઘને માંગલિક સંભળાવ્યું હતું અને તેમણે એક દિવસના રોકાણ દરમ્યાન વિવિધ ગ્રુપોને ધર્મ જ્ઞાન પીરસ્યું હતું. આ એમના આગમનથી આખા અગાસનમાં એક ધર્મમય વાતવરણ ઉભુ થઈ ગયું હતું.

તા.૧૪ જાન્યુઆરી ગુરૂવારના સવારે ૧૧ કલાકે અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી સંચાલિત ગુણ વિહારધામ શીલફાટા તરફ મહારાજ સાહેબે પ્રસ્થાન કરી અને ત્યારબાદ તેઓ ઐરોલીમાં ૧૫ દિવસનું જ્ઞાનસત્ર યોજવાના છે તેની માટે સર્વ શ્રાવક શ્રાવિકાઓને જોડાવવા માટે અપીલ કરી હતી.



# ઐરોલી કસ્તુરી પદમ બેંકવેન્ટમાં ૧૫ દિવસીય જ્ઞાનસત્ર તથા આત્મકલ્યાણ આરાધનાનું આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના આયોજનથી તા.૧૫ જાન્યુઆરી શુક્રવારથી તા.૩૧ જાન્યુઆરી રવિવાર સુધી જ્ઞાનસત્ર તથા આત્મકલ્યાણ આરાધનાનો વિશેષ કાર્યક્રમ પ.પૂ.અચલગચ્છનાયક શ્રી કલાપ્રભસાગરજી મ.સા. તથા અન્ય સાધુ તથા સાધ્વીજી ભગવંતોની મંગલ પ્રભાવી નિશ્રામાં અને સૂરી ભગવંતોના આર્શીવાદથી કસ્તુરીપદમ બેંકવેન્ટ, ઐરોલી વાડી મધ્યે આયોજન કરાયું છે.

જ્ઞાન સત્રમાં નિત્ય રોજ પ.પૂ.અચલગચ્છનાયક શ્રી ગુરૂદેવ દ્વારા વાચના તથા સાધુ સાધ્વીજી ભગવંતોનો અભ્યાસ અને જ્ઞાતિના જ વિશાલભાઈ ધરમશી, વિશાલભાઈ પંડિત પણ સાધુ સાધ્વીજીઓને અભ્યાસ કરાવશે તથા આરાધકોને પણ યોગ્ય માર્ગદર્શન આપશે. ઉપરોક્ત દિવસોમાં સાધુ સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ માટે તથા વિશેષ આરાધનાઓ જેવી કે પોષધ સામાયિક, તપસ્યા તથા સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં રહેવાનો અનેરો અને મહામૂલો લાભ વહેલો તે પહેલોના ધોરણે ભાગ્યશાળી પચાસ જણાને આપવામાં આવશે.

કૃપા કરીને આપનું નામ નીચેના ફોન નંબર ઉપર લખાવવા. ધાર્મિક સમિતિ કન્વીનર મનોજ લોડાયા-૯૮૩૩૦૩૯૯૮૦ તથા મુંબઈ મહાજન કાર્યાલય-૯૮૯૨૭૪૧૪૧૪.

ધાર્મિક સમિતિના મેમ્બર અભય ખોના, ચાંદની લાલકા, વિપુલ લોડાયા, હરીશ ડાઘા, પરેશ ગોસર, રાજેશ લોડાયા અને હિતેશ મૈશેરી.

# અનંત આરોગ્ય નિધિ-દેવલાલી આંગણે દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ

શ્રીમતી માલતીબેન જયંતિલાલ ભવાનજી સેનેટોરિયમ દેવલાલીમાં પોષ વદી ત્રીજ શનિવાર તા.૩૦ જાન્યુઆરી દિવસે શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલયના નવ ભગવાન તથા ગૌતમ સ્વામી અને અધિષ્ઠા દેવી મહાકાલી માતાજીની ધન્ય વંતી દ્વિતીય ધ્વજા મહોત્સવની રંગેચંગે સંગીત આજ સથવારે વિધિ વિધાનથી ઉજવણી કરાશે.



નવ નવ તીર્થંકર ભગવાનની જ્યાં પાવન પ્રતિષ્ઠા થયેલ છે અને રોજબરોજ ભક્તિભાવપૂર્વક પૂજા અર્ચના થતી હોય એવા પવિત્ર ધ્યાનાલયની ધજા માણવી એક અનન્ય લાભ છે. જે દિવ્ય ક્ષણના સાક્ષી બનવા માટે ભાગ્યની કૃપા હોઈ શકે.

આ સાથે ત્રણ ધજા ત્રીજા વરસ માટે અને વાર્ષિક સાત ક્ષેત્રના ચડાવા પણ એજ દિવસે ખોલાશે. ત્રણ ધજા અને સાત ક્ષેત્રના લાભાર્થી પરિવારના નામ વાર્ષિક બોર્ડ પર રહેશે.

આ પ્રસંગે નવકારશીના દાતા અશોક વેરશી મોતા પરિવાર જ્યારે સ્વામીવાત્સલ્યના દાતા શ્રીમતી દમયંતી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર રહેશે. સંપૂર્ણ ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ વર્તમાન કોવિડ-૧૯ની સરકારી નિયમનોને આધિન રહેશે.

વધુ જાણકારી માટે પ્રમુખ પારસભાઈ-૯૮૨૧૦૫૦૩૬૨, ખજાનચી નિલેશભાઈ-૯૮૨૦૩૨૯૪૪૧, મહામંત્રી રાજીવભાઈ-૯૮૨૦૦૪૩૫૨૪, કન્વીનર કલ્પનાબેન-૯૮૬૯૧૨૧૬૦૧ તથા કન્વીનર પીયૂષ ડાઘા-૯૪૨૩૯૭૪૦૩૯નો સંપર્ક કરવો. આ અવસરને ધન્યતા બક્ષવા પધારવાનું આમંત્રણ અનંત આરોગ્ય નિધિ દેવલાલી સંચાલિત શ્રીમતી માલતીબેન જયંતિલાલ ભવાનજી સેનેટોરિયમની કમિટી દ્વારા અપાયું છે.

# ડોંબિવલી સંઘમાં પ.પૂ.અચલગચ્છનાયકશ્રીની નિશ્રામાં બાર વ્રત લેવાનો ઉત્સવ ઉજવાયો





રવિવાર તા.૧૦ જાન્યુઆરીના રોજ શ્રી ડોંબિવલી અચલગચ્છ જૈન સંઘમાં ગચ્છનાયક પ.પૂ.કલાપ્રભસાગર મ.સા.ની નિશ્રામાં ચર્તુવિધ સંઘની હાજરીમાં નાણ સામે ૧૨ વ્રત લેવાનો ઉત્સવ ઉજવાયો. જેમાં શ્રી સંઘના ભાવિકો બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

પૂજ્યશ્રી દ્વારા વ્રતની સમજણ અને પચ્ચકખાણ અપાયા. અન્ય તપો માટેના પણ પચ્ચકખાણ અપાયા જેમાં બ્રહ્મચર્ય વ્રત ૫૦ થી વધુ પુણ્યશાળીઓએ સ્વીકાર્યું.



## ઓગલેવાડી-કરાડ અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે શ્રી વિમલનાથ પ્રભુ ગૃહ જિનાલય સાલગિરહ દિનની ઉજવણી

શ્રી ઓગલેવાડી કરાડ અચલગચ્છ જૈનના ઉપક્રમે શ્રી વિમલનાથ પ્રભુગૃહ જિનાલયના દ્વિતીય વર્ષગાંઠ પ્રસંગે પ્રવચન પ્રભાકર પ.પૂ.ગુરૂદેવ શ્રી દેવરત્ન સાગરજી મ.સા.ના પરમશિષ્ય પ.પૂ.મુનિરાજશ્રી ચૈત્યરક્ષિત સાગરજી મ.સા.ની વિમલ નિશ્રાવર્ષામાં પોષ સુદ ૧૩ સોમવાર તા. ૨૫ જાન્યુ ૨૦૨૧ના દ્વિતીય વર્ષગાંઠના ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે અભિષેક ધારા મનમોહન સાથે ધર્મ આરાધનાઓ કરાશે. સવારના ૬.૩૦ થી ૮.૩૦ કલાકે શ્રી અઢાર અભિષેક વિધાન સવારે ૮.૩૦થી ૯ કલાક નવકારશી, સવારના ૯.૩૦ કલાકે સતરભેદી પૂજા પ્રારંભ, ૧૧.૩૦ કલાકે ધ્વજારોહણ, આરતી મંગળ દીવો, શાંતિ કળશ, બપોરે ૧૨.૩૦ સ્વામી વાત્સલ્ય.

વિધિકાર કેવલભાઈ સાવલા મુંબઈ અને સંગીતકાર પ્રિતમભાઈ ઓસવાલ જ્યારે ધ્વજાના લાભાર્થી પરિવાર સૌ નિર્મલાબેન મનસુખલાલ પ્રેમજી ધનજી દેઢિયા પરિવાર ભુજપુર તથા નવકારશી સ્વામિવાત્સલ્ય લાભાર્થી માતુશ્રી પાનબાઈ પ્રેમજી ધનજી દેઢિયા પરિવાર ભુજપુર. બહારગામથી પધારેલા મહેમાનો માટે ચોવિહારની વ્યવસ્થા રાખેલ છે. ઓગલેવાડીની નિયાણીબહેનો તથા પૂર્વ રહેવાસીઓ અને સકલ સંઘને ભાવપૂર્વક પધારવાનું આમંત્રણ ઓગલેવાડી અચલગચ્છ જૈન સંઘ દ્વારા અપાયું છે.

WINNER OF MANY
GOLD MEDALS & SEVERAL
INTERNATIONAL AWARDS
FOR POEMS & JINGLES




JIMMY CARTER
RONALD REGAN
NANCY REGAN
QUEEN ELIZABETH
JAWAHARLAL NEHRU
LALBAHADUR SHASTRY
MORARJI DESAI
INDIRA GANDHI
ZAKIR HUSSAIN
FAKRUDDIN ALI AHMED
NELSON ROCKEFELLER
LEE IACOCCA
KING OF NEPAL
MOTHER TERESA
HINDUSTHAN LEVER
NELSON MANDELA
RAJIV GANDHI
B.K. BIRLA
DHIRUBHAI AMBANI
GEORGE BUSH
ATALBEHARI VAJPAYI
JYOTI BASU
ALLAN BORDER
NARENDRA MODI
R. VENKATARAMAN
BUCKINGHAM PALACE
WHITE HOUSE
THE NEW YORK TIMES
WASHINGTON POST
INDIAN EXPRESS
TIMES OF INDIA
THE STATESMAN
THE TELEGRAPH
VYAPAR - MUMBAI
MUMBAI SAMACHAR
JANMABHOOMI PRAVASI
AMITABH BACHCHAN
ABHISHEK BACHCHAN
AISHWARYA RAI
SHAHRUKH KHAN
SACHIN TENDULKAR
GUJARAT GOVT.
GUJARATI SAMAJ
BLUE-DIAMOND ALMONDS
LONELY PLANET
HARARE SUMMIT
LIONS CLUB
ROTARY CLUB
BARACK OBAMA
LEO CLUB
JAIN SAMAJ
MAX FRANKEL
DUKE OF YORK
HARINDRA DAVE
SAHITYA PARISHAD
PRAKASH SHAMIKSHA
KUTCHH-SHAKTI
GNATI-JYOT
PANJO PRATIBIMB
PREETI ZINTA
CHITRALEKHA
CALCUTTA HULCHAL
AUSTRALIAN LADIES CLUB
PURVA GURJARI
HINDUSTHAN CLUB
GUJARAT CLUB
& MANY MANY V.I.P.S.
ACROSS THE WORLD........

# Premchand Motta

*Instant Poet of India*

*"Ask not what your Country has done for you - but ask what you have done for the Country".*

## CRYING STATUE OF LIBERTY

Seventh and Eighth day of January-2021
Will be Known as "BLACKEST DAY"
In the Historyof peace loving U.S.A,
As the supporters of MR. TRUMP
Dangerously attacked "CAPITOL", the
Symbol of AMERICAN DEMOCRACY.

Thus Unfortunately the Defeated MR. TRUMP
Ended his TENURE thoroughly DISGRACED
Which proved tobe a "WORST PRESIDENT"
In the 200 years of AMERICAN HISTORY.

TRUMP Constantly provoked VIOLENCE
And showed IMPULSIVE BEHAVIOR, for
Which Whole WORLD said "SHAME-SHAME",
So I can say "STATUE OF LIBERTY" is crying today.

8th JANUARY 2021
+91-98300-29551

PREMCHAND MOTTA
KOLKATA - INDIA

5-B, Chakraberia Lane (North), Gurukrupa , Ground Floor, Kolkata - 700 020 . INDIA.
Phone: +91-33-2486 6677 | Email: mottacal@gmail.com | Mobile: +91-98300 29551

POET · JINGLE WRITER · SLOGAN WRITER & PRESS REPORTER



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કોરોનાની રસીને ભારત સરકારે મંજૂરી આપી દીધી છે અને રસીકરણ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આની પૂર્વ તૈયારીઓ માટે કચ્છમાં પાંચ હોસ્પિટલ ખાતે ડ્રાય રન થયું. આ તમામ હોસ્પિટલમાં સવારે ૯ થી ૧૨ સુધી રસીકરણના નિદર્શન હાથ ધરાયું હતું. જેમાં રસી આપવા સિવાયની તમામ કામગીરી વેક્સિનેટર દ્વારા કરાઈ હતી અને ૨૫-૨૫ વ્યક્તિઓનો ટ્રાયલ રનમાં સમાવેશ કરાયો હતો. આ હોસ્પિટલોમાં ભુજની જી.કે જનરલ હોસ્પિટલ લેવા પટેલ હોસ્પિટલ, ભુજ અર્બન હોસ્પિટલ એક અને ત્રણ તેમજ માધાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પસંદગી થઈ હતી.

● આગામી સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને વિશ્વની અનેકવિધ યુનિવર્સિટીઓમાં ચાલતા ઓનલાઈન અભ્યાસક્રમોની માહિતી અને તૈયારીનું સેન્ટર બનાવવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે યશ એન્ટરપ્રાઝીસના માલિક સુલતાન ભાઈ તુર્કના રૂ.૫૦ લાખના આર્થિક સહયોગથી તૈયાર થનાર યશ સ્ટડી સેન્ટરનો મુંદ્રા તાલુકાના ધ્રબ ચાર રસ્તા પાસે ભૂમિપૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો. આ સ્ટડી સેન્ટર દોઢ વર્ષમાં કાર્યાન્વિત થઈ જશે.

● ભચાઉના રેડીમેડ ગારમેન્ટના વેપારી દ્વારા સ્થાનિક યુવતીઓમાં ફેશન ડિઝાઈનિંગ અંગે રહેલી કળાને પ્રતિભા સ્વરૂપે સામે લાવવા અંતર્ગત એક ફેશન શો યોજાયો હતો. જેમાં નગરની અંદાજિત ૩૫ જેટલી યુવતીઓ સ્વયંરચિત વસ્ત્ર પરિધાન દ્વારા રેમ્પ વોક કરી કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ભાગ લેનાર યુવતીઓને ફેશન ડિઝાઈન અંગે કુ.દીપાલી દિનેશભાઈ પઢારિયાએ માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. ફેશન શોના વિજેતા મોડલને ઈનામથી નવાજવામાં આવ્યા હતા.

● માનવ જ્યોત સંસ્થા અને રામદેવ સેવાશ્રમ પાલારા દ્વારા ૪૦૦ જરૂરતમંદ લોકોને ગરમ ધાબળા વિતરણ અને ૧૨૦ પરિવારોને અડધો અડધો કિલો મજૂર પેકેટ અપાયા હતા. શિયાળાની કડકડતી ઠંડીમાં રક્ષણ તથા શક્તિવર્ધક ખોરાક માટે ખજૂર અપાઈ હતી.

● કોરોનાની મહામારીએ વ્યાપક અસર પહોંચાડી છે ત્યારે આરોગ્ય માળખાને સુદ્રઢ બનાવવા માંડવી ચેમ્બર ઓફ કોમર્સ એ પણ ગત વર્ષે ૧૯૭ ઓક્સિજન બાટલાની મફત સેવા આપવામાં આવી હતી. પ્રાણવાયુ જેની કિંમત એક હજાર થાય છે તથા ઓક્સિજન સિલિન્ડર માટે જોઈતું પાનું તથા નળી પણ ફ્રી આપવામાં આવે છે. ગત ૧૭ વર્ષથી આ ઓક્સિજનની સેવા અપાય છે. માંડવી તાલુકાના ૧૫ ગામડાઓમાં ૮૦ લાખનો ઘાસચારો પશુઓને નીરવામાં આવ્યો જેના લીધે જીવદયા ક્ષેત્રે કાર્ય પાર પાડવાનું પણ નોંધનીય કાર્ય કર્યું છે.

● ચાલુ વર્ષે ઠંડીનો પ્રકોપ કચ્છમાં અતિ રહ્યો ત્યારે વિવિધ વૃધ્ધાશ્રમોમાં સર્વ સેવા સંઘ દ્વારા એક હજાર ગરમ ધાબળાનું વિતરણ કરાયું. સંસ્થાના પ્રમુખ તારાચંદભાઈ જગશી છેડાએ જણાવ્યું કે છેલ્લા ૪૦ વર્ષથી સંસ્થા દ્વારા માનવીય રાહત તેમજ અબોલો જીવ પ્રત્યે ના સેવાકાર્યો કરાય છે. કુદરતી આફતો વખતે પણ પશુધનને બચાવવાની વાત હોય કે માનવ ધનને મોકળા દિલે મદદ કરવામાં સંસ્થા પાછી પાની કરતી નથી.

● અમદાવાદ અને રાજકોટ શહેરમાં કોવિડ હોસ્પિટલમાં ભાષણ અગ્નિકાંડ બાદ કચ્છની પણ દરેક કોવિડ હોસ્પિટલોમાં દર મહિને ફાયર મોકડ્રીલ કરવાના આદેશ જારી કરી તેની અમલવારી પણ શરૂ કરી દેવાઈ છે. ફાયર મોકડ્રીલ માટે દર માસની છઠ્ઠી તારીખ નિર્ધારીત કરવામાં આવી હોવાનું આપતિ વ્યવસ્થાપન કચેરીએ જણાવ્યું છે. કચ્છની દસથી વધુ કોવિડ સમર્પિત હોસ્પિટલોમાં આ રીતે ફાયર સેફ્ટી વિશેની ચકાસણી થશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ભાનુમતી રાયચંદ લોડાયા**
તા.૧૪ જાન્યુ. (ઉ.૬૯)
ગોરખડી-ડોંબિવલી



**હરિશ પદમશી લોડાયા**
તા. ૧૩ જાન્યુ. (ઉ.૬૩)
સુથરી-ડોંબિવલી



**હર્ષવર્ધન એસ. મોમાયા**
તા. ૧૩ જાન્યુ. (ઉ.૬૯)
વરાડીયા-મુલુંડ



**કાંતિલાલ ખોના**
તા.૧૬ જાન્યુ (ઉ.૮૧)
નલિયા-કોચિન



**તારામતી જેઠાલાલ મોમાયા**
તા.૧૬ જાન્યુ. (ઉ.૭૦)
સાંયરા-જૂનાગઢ



**વિનોદ મણીલાલ છેડા**
તા. ૧૭ જાન્યુ. (ઉ.૭૪)
સુજાપર-સિંકદરાબાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**







Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL